**<u>અમદાવાદના મે.ચોત્રીસમાં એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબ,અમદાવાદ શહેર, કોર્ટ નં.ર સમક્ષ.</u>**

**ફોજદારી કેસ નં. પર૧૯૯/૨૦૨૫**

**આંક – ૯**

**ફરીયાદી** :– સરકારશ્રી
(શાહપુર પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૩૨૪૦૬૪૭/૨૦૨૪)

**વિરુધ્ધ**

**આરોપીઓ** :– (૧) ઈમરાન અખતરહુસેન કુરેશી,
(ર) અબ્દુલરજાક અબ્દુલકાદર શેખ,
(૩)મોહમદતૌફીક ઈકબાલ અહેમદ શેખ,

**ગુન્હો:** બી.એન.એસ.કલમ– ૩૨૫, ૫૪ તથા ગુજરાત પશુ સંરક્ષણ સુધારણા અધિ.૨૦૧૭ ની કલમ– ૫(૧), ૬, ૬(ક), ૬(ખ), ૮(૧), ૮(૩), ૮(૪) તથા ગુજરાત પ્રોવિસિયલ મ્યુનિ.કોર્પો.અધિ–૧૯૪૯ ની કલમ –૩૩૫, ૩૯૨ મુજબ.

---

ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી પ્રજાપતિ,
આરોપી પક્ષે વિ.વ.શ્રી આર.એ.શેખ,/યુ.એસ.ઝીણા,

---

**<u>કમીટલ હુકમ</u>**

(૧) આ કામના આરોપીઓએ તાઃ ૨૯/૧૧/૨૦૨૪ ના કલાક ૧૩.૦૫ વાગે શાહપુર લોધવાડ આલ્ફા બેકરી સાથે આવેલ દુકાન ખાતે આરોપી નં.૧ નાઓ પોતાની દુકાન ખાતે ગેરકાયદેસર ગૌવંશ, ભેસ વંશ પશુ માંસ મટન ૨૫ કી.ગ્રામ સાથે મળી આવેલ, જે માંસનો જથ્થો આરોપી નં.ર ને પુરો પાડેલ તથા આરોપી નં.૩ નાઓએ આરોપી નં.ર ને માંસનો જથ્થો પુરો પાડી પાડેલ હોવાની ફરીયાદી ફરીયાદીએ શાહપુર પો.સ્ટે.માં નોધાવતા આ ફરીયાદ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૩૨૪૦૬૪૭/૨૦૨૪ થી રજીસ્ટરે લેવાયેલ અને તપાસ કરનાર અધિકારીએ સદર ગુનાની તપાસ કરી, તપાસ પુર્ણ થયા બાદ આરોપીઓ વિરુધ્ધ ચાર્જસીટ આ અદાલતમાં રજુ કરવામાં આવેલ છે.

(૨) ચાર્જસીટ તથા પોલીસ તપાસના કાગળોની નકલો આરોપીઓને પુરી પાડયાની બી.એન.એસ. કલમ–૨૩૧ અન્વયે ખાત્રી કરવામાં આવેલ છે. સદર કામે આરોપીઓનો અનુક્રમે આંક. ૩, ૪, ૫ મુજબનો જવાબ નોંધી તેઓ બચાવ માટે ખાનગી વકીલ રોકવા માંગે છે કે સરકારી ખર્ચે વકીલની મદદ મેળવવી છે તે બાબતે પુછતા, આરોપી સ્વખર્ચે વકીલશ્રી રોકવા માંગે છે તેમ જણાવેલ છે. આરોપીઓ સદર ગુનાના કામે જામીન મુકત છે.

(૩) આ કામે રજુ કરાયેલ ફરીયાદ તથા પોલીસ પેપર્સ વંચાણે લેતા આરોપીઓએ ઉપરોકત ગુનો કરેલ હોવાનું આ તબકકે પ્રથમ દર્શનીય રીતે ફલિત થાય છે, આ અપરાધ સંબંધેનો કેસ ચલાવવાની સત્તા આ અદાલતની રહેતી નથી, અને આ ગુના

અંગેનો કેસ ચલાવવાની સત્તા માત્ર નામદાર સેશન્સ અદાલતને રહેલ છે. આ સંજોગોમાં સદર કેસ બી.એન.એસ.ની કલમ–૨૩૨ તળે નામદાર સેશન્સ અદાલત, અમદાવાદને કમીટ કરવો જરુરી બની રહે છે અને તેથી નીચે પ્રમાણે હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>હુકમ</u>**

(૧) બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૨ ની જોગવાઈઓ અનુસાર સદર કેસ નામદાર સેશન્સ અદાલત, અમદાવાદને કમીટ કરવામાં આવે છે.

(૨) સદર કામના તમામ અસલ કાગળો તથા તમામ મુદ્દામાલ નામદાર સેશન્સ અદાલત, અમદાવાદને મોકલી આપવા.

(૩) આ હુકમની જાણ અમદાવાદના વિ.સરકારી વકીલશ્રીને કરવી.

હુકમ આજ રોજ તાઃ૧૭, માહેઃ જુન, સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

(એચ.કે.વછરાજાની)
ચોત્રીસમાં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ શહેર. કોર્ટ નં.૨ અમદાવાદ.
(યુનીક કોડ : જીજે – ૦૧૨૩૧)